Municipal School Board
Muncipal Corporation, Bhavnagar.
Near old R.T.O. office,
Navapara, Bhavnagar
Phone & Fax : (0278) 2515646

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
મહાનગરપાલિકા ભાવનગર
જૂની આર.ટી.ઓ.ઓફીસ પાસે,
નવાપરા,ભાવનગર
ફોન અને ફેક્સ નં.-(૦૨૭૮)૨૫૧૫૬૪૬

ક્રમાંક : /એસ્ટા/જીલ્લાફેર કેમ્પ /158 /૨૦૨૧ તા.02/06/2021

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ તમામ,
શાસનાધિકારીશ્રી,
નગર શિક્ષણ સમિતિ તમામ

વિષય : જિલ્લા ફેરબદલી કેમ્પમાં હાજર રહેવા બાબત
સંદર્ભ : (1) માન.પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : પ્રાશિનિ/ક /નીતિ ૨૦૨૧/ક/17-69,11-01-2021
(2) અત્રેની કચેરીની પ્રસિધ્ધ થયેલ કામચલાઉ શ્રેયાનતા યાદી તા.27.5.2021

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સંદર્ભ -(1) વાળા પત્રથી પ્રાથમિક શિક્ષકો માટે જિલ્લા ફેરબદલી કેમ્પ કરવા બાબત સૂચના થઇ આવેલ છે .શિક્ષણ વિભાગના તા : 23/5/2012 ની બદલી ઠરાવ તથા વખતો વખતના સુધારા -જોગવાઇઓ તથા શિક્ષણ વિભાગના તા . 01/12/2020 ના પત્ર તથા પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીના તા :15/12/2020નાં પત્રને ધ્યાને લઇ જિલ્લા ફેરબદલીથી નગર પ્રાથમિક શિક્ષણ સમિત, ભાવનગર હસ્તકની શાળાઓમાં આવવા માંગતા ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોની અરજીઓનાસંદર્ભ (1) અને (2) થી કામચલાઉ શ્રેયાનતા યાદી વર્ષવાર અને વિષયવાર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે .આ યાદીમાં સંબંધિત શિક્ષકને પોતાના શ્રેયાનતા ક્રમ અંગે વાંધા રજુ કરવા તા.1/6/2021સુધીનો સમય આપવામાં આવેલ જે દરમ્યાન રજુ થયેલ યોગ્ય વાંધાઓને ધ્યાને લેવામાં આવેલ છે .આ અન્વયે ભાવનગર શહેરનો જિલ્લા ફેરબદલી કેમ્પ નીચે જણાવેલ તારીખ, સમય અને સ્થળ રાખેલ છે .

**એકતરફી જિલ્લા ફેરબદલી કેમ્પ વર્ષ- 2021**

**સ્થળ : શાળા નં.૩૮, પાનવાડી, એસટી સ્ટેન્ડ ની પાસે, ભાવનગર**

**તારીખ : 10/06/2021, ગુરુવાર, સમયઃ સવારે- 11:30 કલાકે સામાજિક વિજ્ઞાન અને નિમ્ન પ્રાથમિક, 12:30 કલાકે ગણિત અને વિજ્ઞાન**

આપના જિલ્લાના લીસ્ટ મુજબના લાગુ પડતા શિક્ષકોને જિલ્લા ફેરબદલી કેમ્પમાં જરૂરી આધારો અને પ્રમાણપત્રો સહિત હાજર રહેવા અંગેની જાણ કરવા નમ્ર વિનંતી છે .

| Municipal School Board<br>Muncipal Corporation, Bhavnagar.<br>Near old R.T.O. office,<br>Navapara, Bhavnagar<br>Phone & Fax : (0278) 2515646 | | નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ<br>મહાનગરપાલિકા ભાવનગર<br>જૂની આર.ટી.ઓ.ઓફીસ પાસે,<br>નવાપરા,ભાવનગર<br>ફોન અને ફેક્સ નં.-(૦૨૭૮)૨૫૧૫૬૪૬ |
|---|---|---|

**જિલ્લા ફેરબદલી કેમ્પમાં આવનાર શિક્ષકો માટેની સૂચનાઓ:**

• કેમ્પમાં હાજર રહેનાર ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોએ પોતાના ખર્ચે હાજર રહેવાનું રહેશે .

• કેમ્પમાં જિલ્લા ફેરબદલીથી ભરવાપાત્ર જગ્યાઓથી વધુ ઉમેદવારોને બોલાવેલ છે .કેમ્પમાં હાજર રહેવાથી, જિલ્લા ફેરબદલીનો લાભ મળી જશે તેવું માનવું નહિં .આપને લાગુ પડતા વિભગ અને વિષયમાં જિલ્લા ફેરબદલીથી ભરવાપાત્ર જગ્યાઓ પૈકી ઉપલબ્ધ જગ્યાઓ પર સરકાર શ્રીનાં જગ્યાઓ પર સરકારશ્રીનાં પ્રવર્તમાન નિયમાનુસાર અગ્રતા અને સિનિયોરિટી ધ્યાનમાં રાખી પસંદગી કરવામાં આવશે, આ અંગે કોઇ હક દાવો કરી શકાશે નહિ .

• ભરવા પાત્ર જગ્યા જેટલી જગ્યાઓ પર નિયમાનુસાર અગ્રતા/સિનિયોરિટી મુજબ સ્થળ પસંદગી પૂર્ણ થતા કેમ્પ પૂર્ણ કરવામાં આવશે .

• ઉમેદવાર ઉચ્ચ પ્રાથમિક શિક્ષકે રજુ કરેલા આધાર પુરાવા તથા પ્રમાણપત્રો ખોટા માલુમ પડશે તો જવાબદારી જે તે શિક્ષકની અંગત રહેશે અને તેની સામે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે. એકતરફી જિલ્લા ફેરબદલી કેમ્પમાં સંબંધીત શિક્ષકની ગેરહાજરીનાં કિસ્સામાં શિક્ષણ વિભાગ, ગુ.રા. ગાંધીનગરના તા.૨૩/૦૫/૨૦૧૨ ના ઠરાવમાં થયેલ જોગવાઇ મુજબ નિયમાનુસાર આપનો હક્ક આપોઆપ જતો રહેશે. સંબંધીત શિક્ષક દ્વારા અત્રેની સમિતિમાં જિલ્લા ફેરબદલીથી સમાવવા માટે અસંમતિ આપવાનાં કિસ્સામાં શિક્ષણ વિભાગ, ગુ.રા. ગાંધીનગરના તા.૨૩/૦૫/૨૦૧૨ ના ઠરાવમાં થયેલ જોગવાઇ મુજબ નિયમાનુસાર આપનો હક્ક આપોઆપ જતો રહેશે

• કેમ્પમાં આવનાર ઉચ્ચ પ્રાથમિક શિક્ષકે વર્તમાન કોરોના મહામારીને ધ્યાને લઇ શિક્ષકે પોતે જ માત્ર)એક (વ્યક્તિએ જ હાજર રહેવું અને COVID-19 ની ગાઇડલાઇનનું સંપૂર્ણ પાલન કરવાનું રહેશે . કેમ્પમાં હાજર રહેનાર ઉચ્ચ પ્રાથમિક શિક્ષક પોતે કૉરોના સંક્રમિત હોય તો પોતાનો કોરોના પોઝિટીવ RTPCR રીપોર્ટ સાથે આપ જે વ્યક્તિને તમારા પ્રતિનિધિ તરીકે કેમ્પમાં ઉપસ્થિત રાખવા માંગો છો તેનું પોતાનું આઈ - કાર્ડ તથા આપનો ઓથોરીટી લેટર સાથે રાખવાનો રહેશે.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
ભાવનગર

બીડાણ:

(1) સામાજિક વિજ્ઞાન વિષયની યાદી.

(2) ગણિત વિષયની યાદી.

(3) ધોરણ 1 થી 5 નિમ્ન પ્રાથમિકની યાદી.